ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૩૦/૨૦-૨૧/ 3934 તારીખ : 1 NOV 2020

**આર.પી.એ.ડી.**

કેસ નં.૩૦/૨૦-૨૧

પ્રતિ,
**શ્રી કનૈયાલાલ દયાળજીભાઈ સોલંકી,**
પીપલ્સ બેંક સામે,
બગીચા પાસે,
**મું. જોરાવરનગર,**
**જી. સુરેન્દ્રનગર.**
**મો.નં. ૯૯૨૪૫ ૧૦૪૩૩**

**વિષય : મોટી રકમનું બિલ આપવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૧૬/૦૮/૨૦૨૦ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૨૦/૦૮/૨૦૨૦.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૩૦/૨૦-૨૧/૩૧૭૮ તા.૧૪/૦૯/૨૦૨૦.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૩૦/૨૦-૨૧/૩૬૯૦ તા.૨૨/૧૦/૨૦૨૦.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૦૩/૧૧/૨૦૨૦** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:- ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **સુરેન્દ્રનગર.**

*........ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**
(૧)શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **સુરેન્દ્રનગર.**
(૨) નાયબ ઈજનેરશ્રી, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **જોરાવરનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

**(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)**

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૩૦/૨૦–૨૧** ☜

વાદી :– **શ્રી કનૈયાલાલ દયાળજીભાઈ સોલંકી,**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખઃ– ૦૩/૧૧/૨૦૨૦** ◈

હાજર રહયા :– **શ્રી કનૈયાલાલ દયાળજીભાઈ સોલંકી – (વાદી પોતે)**

પ્રતિવાદી :– **શ્રી એચ.પી.રાવળ, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી કનૈયાલાલ દયાળજીભાઈ સોલંકી, મું.જોરાવરનગર,જી.સુરેન્દ્રનગરની મોટી રકમનું બિલ આપવા અંગેની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૩૦/૨૦–૨૧ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગર ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૩૦/૨૦–૨૧/૩૧૭૮ તા.૧૪/૦૯/૨૦૨૦ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૦૩/૧૧/૨૦૨૦** નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી પોતે શ્રી કનૈયાલાલ દયાળજીભાઈ સોલંકી હાજર રહેલ અને પ્રતિવાદી તરફે શ્રી એચ.પી.રાવળ, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ શ્રી કનૈયાલાલ દયાળજીભાઈ સોલંકી, જોરાવરનગર પેટા વિભાગીય કચેરી ના ગ્રાહક છે. તેઓ ગ્રાહક નં–૨૪૬૦૨ /૦૨૧૨૩/૯ થી ૦.૫ કિ.વો. નું ઘર વપરાશનું વિજ કનેકશન ધરાવે છે.

૧.૨ વાદીને તા.૧૦/૭/૨૦૨૦ ના રોજ ૯૭૨ યુનિટ નું રૂા.૪૮૨૨/૩૦ નું વિજ બિલ મીટર રીડર દ્વારા આપવામાં આવેલ હતું. જે બિલ તેઓએ વાંધો હોવાથી પરત મોકલવાની અરજી તા.૧૬/૮/૨૦૨૦ ના રોજ કરેલ હતી.

૧.૩ વાદીને ઘર વપરાશનું બિલ ૧૪૨ દિવસે આપવામાં આવેલ છે, તે મુજબની રજૂઆત તા.૧૦/૭/૨૦૨૦ અને તા.૧૩/૭/૨૦૨૦ ના રોજ નાયબ ઈજનેર સમક્ષ કરેલ હતી.

P.G.V.C.L. Bhavnagar

૧.૪ વાદી દ્વારા કુલ ૪ પાનામાં રજૂઆત કરેલ છે, જેમાં ૪ નંબરના પેઈજમાં કુલ–૧૩ મુદ્દા માં રજૂઆત કરેલ છે.જે નીચે મુજબ છે.

૧. બિલ દર બે મહિને આપવું જોઈએ પણ તે મુજબ નિયત સમયે બિલ આપવામાં આવતું નથી.

૨. વાદીની રજૂઆત છે કે, દર બે મહિને બિલ આપવું જોઈ, એટલે કે, તા.૧૯/૨/૨૦૨૦ અને તા.૧૯/૪/૨૦૨૦ એમ બે અલગઅલગ બિલ આપવા જોઈએ, પણ તે મુજબ વિજ બિલ મળેલ નથી જે મંજૂર નથી, તા.૧૯/૨/૨૦૨૦ થી તા.૧૦/૭/૨૦૨૦ ના સમયગાળાનું ૧૪૨ યુનિટ નું વિજ બિલ એકી સાથે મળેલ છે જેમાં ગ્રાહકના હિતનું રક્ષણ થતુ નથી.

૩. ૨૦૦ યુનિટ, ૪૦૦ યુનિટ/૫૦૦ યુનિટ ઉપર વિજ વપરાશ જાય તો, અનર્જી ચાર્જ, ફયુઅલ ચાર્જ, વિધુત શુલ્ક, વગેરેના ચાર્જ ઉંચા દરે લેવામાં આવે છે. ૨૦૦, ૪૦૦ અને ૫૦૦ યુનિટ ના અલગ અલગ ચાર્જીસ છે. જે બિલ વિલંબથી આવવાથી બિલની રકમ ઉપર અસર કરે છે.

૪. ગ્રાહકને વિલંબથી બિલ આપવામાં આવે તો, ગ્રાહકને મોટી રકમનું બિલ ભરવું પડે છે.

૫. છેલ્લા ૧૨ માસનો વિજ વપરાશ કુલ યુનિટ–૧૭૪૨ છે જે મુજબ મહિને ૧૪૫.૧૬ ની એવરેજ ની વિજ વપરાશ જોવા મળે છે. તા.૧૦/૭/૨૦૨૦ ના રોજ આપેલ બિલ માં પ્રોવીઝનલ માં ૧૫૭૨.૬૩ ની રકમ બતાવે છે. જે બિલ તેઓને મળેલ નથી.

૬. તા.૧૯/૪/૨૦૨૦ નું વિજ બિલ નહી આવેલ હોવાથી, વિજ કચેરીએ તપાસ કરતા જણાવેલ કે, કોવિડ–૧૯ નું લોકડાઉન હોવાથી રીડીગ કરવા આવશે નહી. પણ, મોબાઈલમાં વિજ બિલ નો રૂ.૧૬૦૬/– નો મેસેજ આવેલ હતો. જે મુજબ નું બિલ માન્ય રાખવામાં આવેલ છે.

૭. તા.૧૦/૭/૨૦૨૦ ના વિજ બિલ માં જુન–૨૦ લખાયેલ છે. જે બિલ તા.૧૦/૭/૨૦૨૦ ના રોજ આપેલ છે. જે ચાલી શકે નહી.

૮. કોરોના કોવિડ–૧૯ ના કારણે, તા.૨૩/૩/૨૦૨૦ થી તા.૩૦/૫/૨૦૨૦ સુધી લોકડાઉન હતું અને તા.૧/૬/૨૦૨૦ થી લોકડાઉન–૧ ખુલી ગયેલ હોવા છતાં, ૧ જુન ના રોજ જે બિલ મળવું જોઈએ, તે વિજ બિલ શા માટે આપવામાં આવેલ નથી. જેનો જવાબ લેખિતમાં માંગેલ છે.

૯. તા.૧૦/૭/૨૦૨૦ ના રોજ આપેલ બિલ માં પ્રોવિઝનલ બિલ ની રકમ રૂ.૧૫૭૨/૬૩ બાદ કરેલ છે. તેથી, તા.૧૦/૭/૨૦૨૦ ના રોજ રીડીગ ૧૨૮૩૭ બતાવેલ છે. જે સળંગ નહી બનાવી શકાય. તેમાંથી પાછળ ના વિજ બિલના યુનિટ ૨૫૦ બાદ કરીને બનાવવું જોઈએ. એટલે કે, યુનિટ ૯૭૨–૨૫૦ = ૭૨૨ યુનિટ પર ચાર્જ ગણીને રીવાઈઝડ બિલ આપવું જોઈએ, તેમજ તેમાં સરકારી રાહત આપવી જોઈએ.

૧૦. વાદી ના વિસ્તારમાં ગ્રાહક નં–૨૪૬૦૨/૦૦૧૨૫/૪, કાંતિલાલ મિસ્ત્રીને તા.૧/૭/૨૦૨૦ ના રોજ બિલ મળેલ છે તો,મને શા માટે મોડું બિલ તા.૧૦/૭/૨૦૨૦ ના રોજ આપેલ, જેના લીધે વધુ યુનિટ નું બિલ આવેલ જે મને માન્ય નથી.

૧૧. વાદીની રજૂઆત મુજબ તેઓ સમયાંતરે, મીટરના રીડીગ લખે છે. જે મુજબ તા.૧/૬/૨૦૨૦ ના રોજ રીડીગ ૧૨૪૫૬ અને તા.૧/૭/૨૦૨૦ ના રોજ રીડીગ ૧૨૭૭૬ છે. જે ધ્યાન પર લેવા જોઈએ.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૧૨. આમ, તા.૧/૭/૨૦૨૦ ના રોજ રીડીગ ૧૨૭૭૬ મુજબ અને સરકાર રાહત શરતે આપવામાં આવે તો, માન્ય રાખીશ.

૧૩. વિજળી/પાણી વગેરે જાહેરક્ષેત્ર ની સેવા છે, જેનું દર મહિને જાહેરનામું બહાર પડે છે. આ સેવાનો લાભ બહોળા પ્રમાણમાં લેવો. જે મુજબ પીજીવીસીએલ ની સેવાનો લાભ લઉ છું. જે મુજબની રજૂઆત કરવામાં આવેલ છે.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,</u>**

૨.૧ લોકડાઉન હોવાથી નિયત સમયે બિલ આપવામાં આવેલ ન હતું.

૨.૨ વાદી ને તા.૨૮/૪/૨૦૨૦ ના રોજ લોકડાઉન હોવાથી,'' N '' સ્ટેટસ નું એવરેજ બિલ ૨૫૦ યુનિટ નું વિજ બિલ વડીકચેરીની સૂચના મુજબ મોબાઈલ માં મેસેજ થી મોકલાવેલ હતું અને તે વિજ બિલ ની રકમ તા.૧૦/૭/૨૦૨૦ ના રોજ પ્રોવિઝનલ બિલ તરીકે જમા આપેલ હતી.

૨.૩ ૨૦૦ યુનિટ/૪૦૦ યુનિટ/૫૦૦ યુનિટ ઉપર વિજ વપરાશ જાય તો પણ, પ્રોવિઝનલ બિલમાં તેની અસર જોવા મળતી નથી.

૨.૪ મુદા નં–૧ ના જવાબ મુજબ.

૨.૫ તા.૧૦/૭/૨૦૨૦ ના રોજ આપેલ બિલ '' N '' સ્ટેટસ નું એવરેજ બિલ તમામ ગ્રાહકને મોબાઈલ પર મેસેજ થી મોકલાવેલ છે.

૨.૬ મુદા નં–૫ ના જવાબ મુજબ.

૨.૭ તા.૧૦/૭/૨૦૨૦ ના વિજ બિલમાં જુન–૨૦ લખાયેલ છે, જે વિજ વપરાશનો સમયાગાળો બતાવે છે.

૨.૮ મીટર રીડીગ નિશ્ચિત કરેલ રૂટ મુજબ કરવામાં આવતું હોય છે, તેમજ ગ્રાહકને તા.૧૭/૯/૨૦૨૦ ના રોજ જવાબ આપેલ છે, જેની નકલ આ સાથે સામેલ છે.

૨.૯ ગ્રાહકને તા.૧૭/૯/૨૦૨૦ ના રોજ જાવક નં–૪૫૯૫ થી જવાબ આપેલ છે.

૨.૧૦ ગ્રાહકનો રૂટ કોડ અલગ અલગ હોવાના કારણે, એક સાથે અને એક જ દિવસે બિલ ના બનેલ હોવાથી, મીટર રીડીગ ની તારીખમાં તફાવત જોવા મળે છે.

૨.૧૧ જે તે દિવસે મીટર ના રીડીગ મુજબ વિજ બિલ આપેલ છે.

૨.૧૨ ગ્રાહક ને તા.૧૭/૯/૨૦૨૦ ના રોજ જાવક નં–૪૫૯૫ થી જવાબ આપેલ છે, તેમાં વિજ બિલની રકમ અને સરકારી રાહત નો ઉલ્લેખ કરવામાં આવેલ છે અને વિગતવાર જવાબ આપેલ છે.

૨.૧૩ વિજ કચેરી દ્વારા ગ્રાહકને નિયમીત રીતે વિજ બિલ મળે તે માટે પૂરતા પ્રયત્ન કરવામાં આવે છે.

આમ, સદર વિજ બિલ ભરવાપાત્ર થાય છે અને ગ્રાહક દ્વારા તે ભરપાઈ કરેલ છે.જે આપ સાહેબની જાણ સારૂં.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

☞ **<u>ફોરમનું તારણ</u>** :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.

૩.૧ વાદી શ્રી કનૈયાલાલ દયાળજીભાઈ સોલંકી જોરાવરનગર શહેર વિસ્તારમાં સીગલ ફેઈઝ ઘર વપરાશનું વિજ જોડાણ ગ્રાહક નં–૨૪૬૦૨/૦૨૧૩૧/૯ થી ધરાવે છે.

૩.૨ વાદીની ફરીયાદ મુજબ તેઓને પ્રતિવાદી એ ૧૪૨ દિવસ બાદ લોક ડાઉન સમયગાળો પૂરો થયા બાદ ૯૭૨ યુનિટ નું તા.૧૦/૭/૨૦૨૦ ના રોજ વિજ વપરાશ નું બિલ આપેલ. તેથી, તેઓને સરકારશ્રી ની રાહત જે મળવાપાત્ર હતી તે મળેલ નહી. એવી તેમની રજૂઆત છે.

૩.૩ પ્રતિવાદી એ વાદીના બિલીંગ ના PRT-145 (લેઝરકોપી) રજૂ કરેલ છે તે મુજબ, જાન્યુ–ફેબ્રુ–૨૦૨૦ પછી વાદી ના વિજ મીટર નું રીડીંગ નીચે મુજબ છે.

| ક્રમ નં | માસ | મીટર રીડીંગ તારીખ | જુના રીડીંગ | હાલના રીડીંગ | વપરાશ | નોંધ |
|---|---|---|---|---|---|---|
| ૧ | જાન્યુ–ફેબ્રુ–૨૦ બિલ્ડ ઈન માર્ચ–૨૦ | ૧૯–૨–૨૦ | ૧૧૭૬૩ | ૧૧૮૬૫ | ૧૦૨ | – |
| ૨ | માર્ચ–એપ્રિલ–૨૦ બિલ્ડ ઈન મે–૨૦ | ૨૮–૪–૨૦ | ૧૧૮૬૫ | ૧૧૮૬૫ | ૨૫૦ | લોકડાઉન નો સમયગાળો અને પ્રોવિઝનલ બિલ |
| ૩ | મે–જુન–૨૦ બિલ્ડ ઈન જુલાઈ–૨૦ | ૧૦–૭–૨૦ | ૧૧૮૬૫ | ૧૨૮૩૭ | ૯૭૨ | સ્થળ પર રીડીંગ લઈ બનાવેલ બિલ |

૩.૪ માર્ચ–એપ્રિલ–૨૦ ના બિલીંગ સાયકલ દરમ્યાન, લોકડાઉન સમયગાળો હોવાથી, પ્રતિવાદીએ વાદીનું બિલ બનાવી શકેલ નહી અને ૨૫૦ યુનિટ નું રૂા.૧૫૭૨/૬૩ નું પ્રોવિઝનલ બિલ ની આકારણી તેના લેઝર માં કરેલ, મે–જુન–૨૦ બિલ્ડ ઈન જુલાઈ–૨૦ ના બિલીંગ સાયકલ માં પ્રતિવાદીએ ૯૭૨ યુનિટ ની વપરાશનું બિલ તા.૧૦/૭/૨૦૨૦ ના રોજ વાદીએ આપેલ, જે બિલ માં અગાઉના બિલ ની પ્રોવિઝનલ રકમ રૂા.૧૫૭૨/૬૩ મજરે જમા આપેલ છે.

૩.૫ વાદીના વિજ સ્થાપન ના મીટરમાં તા.૧૯/૨/૨૦૨૦ ના રોજ સ્થળ પર વિજ વપરાશના રીડીંગ લેવામાં આવેલ તેમજ તા.૧૦/૭/૨૦૨૦ ના રોજ વિજ સ્થાપન પરના મીટરમાં રીડીંગ લેવામાં આવેલ, તા.૧૯/૨/૨૦૨૦ અને તા.૧૦/૭/૨૦૨૦ ના ૧૪૨ દિવસ ના સમયગાળા દરમ્યાન, વાદીની ખરેખર વિજ વપરાશ ૯૭૨ યુનિટ ની નોંધાયેલ છે. એટલે કે, પ્રતિમાસ વિજ વપરાશ ૯૭૨ × ૩૦ / ૧૪૨ = ૨૦૫ યુનિટ પ્રતિમાસ વપરાશ જણાવેલ છે. આથી, સરકારશ્રીની જાહેરાત મુજબ જો, ૨૦૦ યુનિટ સુધીની પ્રતિમાસ વિજ વપરાશ હોય તો, તેવા ગ્રાહકોને વિજ બિલ માં રાહત મળી શકે.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

## –:: હુકમ ::–

- વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અનેઉપરના તારણો પરથી હુકમ કરવામાં આવે છે કે, '' પ્રતિવાદી એ કરેલ વાદી ના વિજ સ્થાપન નું મીટર રીડીંગ તેમજ આપેલ બિલ યોગ્ય જણાય છે અને તારણ નંબર–૩.૫ મુજબ વાદી ના વિજ બિલ માં રાહત મળી શકે નહી, આથી વાદીની રજૂઆત માન્ય રાખવામાં આવતી નથી. ''

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

(શ્રીમતી જે. એમ. મહેતા)
સ્વતંત્ર સભ્યશ્રી

(પી. એમ. જાજાકીયા)
ટેકનીકલ સભ્યશ્રી

(એમ. આર.વજરીયા)
અધ્યક્ષશ્રી,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.

તારીખ :– ૦૩/૧૧/૨૦૨૦.

Consumer Grievance Redressal Forum * P.G.V.C.L. Bhavnagar.